MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

# દશમાં ધોરણના વિદ્યાર્થીઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિ

ડૉ ચંદ્રિકા કે ભગોરા
એમ.એ., એમ.એડ., પીએચ.ડી., નેટ, સ્લેટ (શિક્ષણ)
આસિસ્ટન્ટ પ્રોફેસર
શ્રી એચ એન શુક્લા કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન, રાજકોટ

## સારાંશ

પ્રસ્તુત અભ્યાસમાં દશમાં ધોરણના વિદ્યાર્થીઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિ પરનો અભ્યાસ કરવાનો હોવાથી શિક્ષક રચિત સિદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નમૂના તરીકે રાજકોટ શહેરના વિદ્યાર્થીઓ પાસેથી સિદ્ધિ કસોટી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન ટી-કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું. સંશોધનના અંતે કુમારો અને કન્યાઓની ગણિત વિષય શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળી હતી.

## પ્રસ્તાવના

આજના વૈજ્ઞાનિક અને ઝડપી યુગમાં અમુક ખાસ એવા શબ્દો છે જેનો આપણે આપણા દૈનિક જીવનમાં બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આમ તો શિક્ષણનું અંતિમ લક્ષ્ય તો વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય એ જ છે. પરંતુ આજે જોઈએ છીએ કે શિક્ષણ એ માત્ર એક પુસ્તકિયું જ્ઞાન થઈ ગયું છે. તેથી વિદ્યાર્થીઓના વ્યક્તિના અન્ય પાસાઓનો સંપૂર્ણ વિકાસ થતો નથી. આમ તો પ્રત્યેક વિદ્યાર્થીઓમાં ક્ષમતા રહેલી જ હોય છે. માટે વિદ્યાર્થીઓની અંદર રહેલી ક્ષમતાના પૂર્ણ વિકાસ માટે પર્યાપ્ત તકો પૂરી પાડવી અને એ માટેનું યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ ખૂબ મહત્વનું છે.

## અભ્યાસના હેતુઓ

૧. દશમાં ધોરણના વિદ્યાર્થીઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિ જાણવી.

૨. દશમાં ધોરણના વિદ્યાર્થીઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર જાતિયતાની અસર તપાસવી.

## અભ્યાસની ઉત્કલ્પના

સંશોધકે આ મુજબની શૂન્ય ઉત્કલ્પના રચી હતી.

૧. દશમાં ધોરણના કુમારો અને કન્યાઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**અભ્યાસના ચલ**

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતિયતા જેની બે કક્ષાઓ (૧) કુમારો અને કન્યાઓ હતા. પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે વિદ્યાર્થીઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકો હતા. પ્રસ્તુત અભ્યાસમાં અંકુશિત ચલ તરીકે ગુજરાતી માધ્યમ અને રાજકોટ શહેરને પસંદ કર્યા હતા.

**વ્યાવહારિક વ્યાખ્યા**

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ અગત્યના શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ આ પ્રમાણે હતી.

**શૈક્ષણિક સિદ્ધિ. સાતમા ધોરણના ગણિત વિષયના સમગ્ર અભ્યાસક્રમ પર રચવામાં આવેલ શિક્ષણ રચિત કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકો એટલે શૈક્ષણિક સિદ્ધિ.**

**સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર પ્રાથમિક શિક્ષણ હતું.

**સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક સંશોધન તથા સંખ્યાત્મક પ્રકારનું હતું.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે રાજકોટ શહેરના ધોરણ સાતમા ૨૦૧૭-૧૮ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં રાજકોટ શહેરમાંથી સહેતુક નમૂના પસંદગી દ્વારા ૧૨ શાળાઓના ૨૭૦ વિદ્યાર્થીઓનો નમૂનો પસંદ કરેલ હતો.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પ્રકારનું હતું.

**ઉપકરણ**

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિના માપન માટે શિક્ષક રચિત કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો.

**માહિતી એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ દ્વારા રૂબરૂ મુલાકાત લઈ વિદ્યાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**માહિતીનું પૃથ્થકરણ**

મળેલ માહિતીના પૃથ્થકરણ માટે ટી-મૂલ્ય મેળવવામાં આવ્યું હતું. આ પૃથ્થકરણ કમ્પ્યુટરમાં એસ. પી. એસ. એસ. પ્રોગ્રામની મદદથી કરવામાં આવેલું હતું, તેમજ ૦.૦૫ ની સાર્થક કક્ષા સ્વીકારી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી. જે સારણી-૧ માં નીચે મુજબ દર્શાવેલ છે.

**સારણી ૧**

**જાતિયતા અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય**

| ક્રમ | જાતિયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુમારો | ૧૩૫ | ૫૩.૨૨ | ૧૧.૧૩ | ૦.૦૮૨ | સાર્થક નથી |
| ૨ | કન્યાઓ | ૧૩૫ | ૫૩.૧૧ | ૧૧.૧૭ | | |

સારણી ૧ ના અભ્યાસ પરથી કહી શકાય કે સાતમા ધોરણના કુલ ૨૭૦ વિદ્યાર્થીઓમાંથી ૧૩૫ વિદ્યાર્થીઓ કુમારો અને ૧૩૫ વિદ્યાર્થીઓ કન્યાઓ હતા. જેમાં કુમારોની સરાસરી ૫૩.૨૨ અને કન્યાઓની સરાસરી ૫૩.૧૧ હતી. તેમજ કુમારોનું પ્રમાણ વિચલન ૧૧.૧૩ અને કન્યાઓનું પ્રમાણ વિચલન ૧૧.૧૭ હતું. જેના તફાવતનું ટી-મૂલ્ય ૦.૦૮૨ હતું જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થતો હતો જેથી કહી શકાય કે કુમારો અને કન્યાઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

**તારણો**

પ્રસ્તુત અભ્યાસનું તારણ આ મુજબ હતું

૧. દશમાં ધોરણના કુમારો અને કન્યાઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. આથી કહી શકાય કે કુમારો અને કન્યાઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિ સમાન હતી.

**સંદર્ભસૂચિ**


- ઉચાટ,ડી.એ. (૨૦૧૨) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (દ્વિતીય આવૃતિ) રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ઉચાટ,ડી.એ (૧૯૮૮). સંશોધનનું સંદોહ્ન. રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ઉચાટ,ડી.એ (૧૯૮૮) સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? રાજકોટ : નિજ્જીન સાયકો સેન્ટર.
- ઉચાટ,ડી.એ (૧૯૮૯-૨૦૦૬) સંશોધનનો સારાંશ. રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- દોંગા, એન. એસ (૨૦૧૨). અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેકનોલોજી. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- દેસાઇ હ. ગુ. અને દેસાઈ, કૃ. ગો. (૧૯૯૨). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (૫મી આવૃતિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

Certificate No.:0203202408


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
# (MUCOJOR)-2583-9829 (On-line)
## International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

## ડૉ ચંદ્રિકા કે ભગોરા

In recognition of the publication of the paper entitled

**દશમાં ધોરણના વિદ્યાર્થીઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિ**

Published in Volume 02, Issue 03, June 2024.

**EDITOR IN CHIEF**